# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

વંચાણે: અત્રેની કચેરીનો પરિપત્ર આકૃયુ/રજી/સંકલન/૧૮૬ તા. ૧૮.૩.૨૦૧૯

**નિવૃત્તિ સમયે સમારંભનું આયોજન ન કરવા બાબત**

## <u>પરિપત્ર</u>

ઉપરોક્ત વંચાણે લીધેલ પરિપત્ર અનુસંધાને આથી આણંદ કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરીઓ તમામ કેન્દ્રો, યુનિટ / સબ યુનિટ વડાઓને સૂચના આપવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં ફરજ બજાવતા અધિકારીઓ/ કર્મચારીઓ યુનિવર્સિટી સેવામાથી સ્વૈચ્છીક નિવૃત્તિ, રાજીનામાંથી તેમજ વય નિવૃત્તિથી નિવૃત થતાં હોય છે ત્યારે આવા કર્મચારીઓ નિવૃત્તિ બાદ તેઓના સ્ટાફ મિત્રો તેમજ કુટુંબ સાથે તેઓની કચેરી ખાતે સ્વખર્ચે સ્વરૂચિ ભોજન સમારંભનું આયોજન કરતાં હોય છે. પરંતુ ઘણા કર્મચારીઓની આર્થિક પરિસ્થિતી સારી ન હોવા છતાં એકબીજાની દેખા દેખી તેમજ એક યા બીજા કારણોસર ના છૂટકે આવા સમારંભનું આયોજન કરવાની ફરજ પડે છે.

આ અંગે જણાવવાનુ કે, યુનિવર્સિટીની કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ સ્વૈચ્છીક નિવૃત્તિ, રાજીનામુ તેમજ વય નિવૃત્તિથી નિવૃત્ત થતા હોય ત્યારે યુનિવર્સિટીના કેમ્પસ કે તમામ પેટા કેન્દ્રો ખાતે આ પ્રકારના સમારંભનું આયોજન ન કરવા આથી સૂચના આપવામા આવે છે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે જેનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

કુલસચિવ

નં, આકૃયુ/રજી/ સંકલન/૩૨૨૬ /૨૦૨૨
તા.૨૬-૫-૨૦૨૨

**નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારુ:**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આકૃયુ, આણંદ તરફ જાણ સારૂ.
૨. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ કેન્દ્રો/પેટા કેન્દ્રો/ તમામ યુનિટ/ સબ યુનિટ/કેમ્પસની તમામ કચેરીઓ તરફ જાણ તથા તમામ કર્મચારીઓને વંચાણે લાવી અમલ થવા સારૂ.
૩. નિયામકશ્રી, આઈ. ટી., આકૃયુ, આણંદ તરફ વેબ સાઇટ ઉપર મૂકવા સારુ.

**નકલ રવાના:**

૧. કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આકૃયુ, આણંદ
૨. આ કચેરીની તમામ શાખાઓ તરફ.